Wednesday
16.09.2026
*Volume :11 * Issue No.74
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

# કમલમ્

KAMALAM ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે મુંબઈમાં મુખ્ય અતિથિ તરીકે હિન્દી દિવસ ૨૦૨૬ અને છઠ્ઠી અખિલ ભારતીય રાજભાષા પરિષદને સંબોધિત કરી

## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમિયાન રાજભાષા વિભાગે અનેક મહત્વપૂર્ણ સીમાચિહ્નો હાસલ કર્યા છે



**‘હિન્દી શબ્દ-સિંધુ’ હવે વધીને ૮ લાખ શબ્દો સુધી પહોંચી ગયું છે અને ૨૦૨૯ સુધીમાં વિશ્વનો સૌથી મોટો શબ્દકોશ બનવા માટે તૈયાર છે**

**ભાષાકીય વિવાદ ઉભો કરવા માગતા લોકોને ગૃહ મંત્રીનો સંદેશ — બાળકો પોતાની માતૃભાષા દ્વારા જ ભારતને સાચા અર્થમાં સમજી શકે છે**



**‘હિન્દી શબ્દ સિંધુ’ માં સ્થાનિક ભાષાઓના ૫૦,૦૦૦ થી વધુ શબ્દોના સમાવેશથી રાજભાષા હિન્દી વધુ અનુકૂળ અને સમાવેશી બની છે**

**મોદી સરકાર હેઠળ, ૨૦૧૯ થી રાષ્ટ્રપતિજીને રાજભાષા સમિતિના અહેવાલોના ચાર ભાગ સબમિટ કરવામાં આવ્યા છે, અને પાંચમો ભાગ તૈયાર છે**

**પાંચ કરોડથી વધુ વાક્યોના ડેટાબેઝ સાથેનું એઆઈ (AI)-આધારિત ‘કંઠસ્થ ૨.૦’, વિદેશી યુઝર્સ માટે પણ ખુલ્લું મુક્વામાં આવ્યું છે**



## મોદી સરકાર શાસન, વિજ્ઞાન અને સાહિત્યમાં ભારતીય ભાષાઓ વચ્ચે વધુ પરસ્પર જોડાણ (ઇન્ટરકનેક્ટિવિટી) ને પ્રોત્સાહન આપીને તેમને સમૃદ્ધ બનાવી રહી છે

**રાજભાષા હિન્દી દેશભરમાં બોલાતી તમામ ભાષાઓ સાથે જોડાયેલી છે, હું ગુજરાતી ભાષી છું, છતાં મને હિન્દીના કારણે રાષ્ટ્રીય સ્તરે કામ કરવામાં ક્યારેય કોઈ મુશ્કેલી પડી નથી**

**માતૃભાષા સિવાયની બીજી કોઈ ભાષા માતાનો સ્નેહ કે ભાઈ-બહેન વચ્ચેનો પ્રેમ સાચા અર્થમાં વ્યક્ત કરી શકતી નથી**

**જ્યારે કોઈ વ્યક્તિ પોતાની માતૃભાષામાં વિચારે છે, વિશ્લેષણ કરે છે અને સર્જન કરે છે, ત્યારે તેનું પરિણામ હંમેશા ઉત્તમ આવે છે**



**મોદી સરકારે પોતાની માતૃભાષાની સાથે સાથે બીજી એક ભારતીય ભાષા શીખવા માટે પ્રોત્સાહિત કર્યા છે, કારણ કે બીજી ભારતીય ભાષા શીખવાનો અર્થ એ છે કે ‘એક ભારત, શ્રેષ્ઠ ભારત’ ની ભાવના સાથે જોડાવું**

**રાજભાષા વિભાગે વીર સાવરકરજી દ્વારા ઘડવામાં આવેલા અનેક શબ્દોને ‘હિન્દી શબ્દ સિંધુ’ માં સમાવવાનું કાર્ય હાથ ધર્યું છે**

## અનેક ભાષાઓ હોવા સામે કોઈ વાંધો નથી, પરંતુ ભાવના ભારતીય રહેવી જોઈએ; અનેક બોલીઓ હોઈ શકે છે, પરંતુ ભારતનો અવાજ એક જ રહેવો જોઈએ

કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે મુંબઈમાં મુખ્ય અતિથિ તરીકે હિન્દી દિવસ ૨૦૨૬ અને છઠ્ઠી અખિલ ભારતીય રાજભાષા પરિષદને સંબોધિત કરી હતી. આ પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ, ઉપમુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદે અને શ્રીમતી સુનેત્રા પવાર, કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી શ્રી નિત્યાનંદરાય અને શ્રી બંડી સંજય કુમાર અને રાજભાષા વિભાગના સચિવ શ્રીમતી અંશુલી આર્યા સહિત અનેક અગ્રણી મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. હિન્દી દિવસ અને ગણેશ ચતુર્થી પર શુભેચ્છાઓ પાઠવતા કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યુ હતું કે આ એક “મણિકાંચન યોગ” છે, એક દુર્લભ અને શુભ સંયોગ છે, કે હિન્દી દિવસ અને ગણેશ ચતુર્થી એક જ દિવસે ઉજવવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે વિઘ્નહર્તા ભગવાન ગણેશ ભારતીય ભાષાઓના વિકાસનો માર્ગ મોકળો કરશે અને તે માર્ગમાં આવતા વિઘ્નો દૂર કરશે. આ પ્રસંગે લોકમાન્ય બાળ ગંગાધર તિલકને યાદ કરતા શ્રી શાહે કહ્યું કે મહારાષ્ટ્રમાં ગણેશ ઉત્સવની સાર્વજનિક ઉજવણી લોકમાન્ય બાળ ગંગાધર તિલક મહારાજ દ્વારા ૧૮૯૩માં શરૂ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે તિલક મહારાજે દેશની નાડીને યોગ્ય રીતે ઓળખી હતી. તેઓ ઊંડાણપૂર્વક સમજતા હતા કે ભારતમાં જાગૃતિ અને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ માત્ર તેની સંસ્કૃતિ અને ઈતિહાસ દ્વારા જ ઉત્પન્ન કરી શકાય છે. તેથી, તેમણે ગણેશ ઉત્સવ અને છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતિની ઉજવણી શરૂ કરી. તેમણે કહ્યું કે ટૂંક સમયમાં જ આ બંને તહેવારો સમગ્ર દેશમાં ઉજવવાનું શરૂ થઈ ગયું. આ બે તહેવારોએ અંગ્રેજો માટે ભારે ચિંતા ઊભી કરી હતી. આ તહેવારો દ્વારા તિલક મહારાજે લોકોમાં દેશભક્તિનું જબરદસ્ત મોજું ઉત્પન્ન કર્યું હતું. શ્રી શાહે કહ્યું કે મહારાષ્ટ્ર એ પરંપરાઓ અને વ્યાપક વિચારસરણીની ભૂમિ છે. તેમણે કહ્યું કે ભક્તિ આંદોલન દરમિયાન, મહારાષ્ટ્રના અનેક સંતોએ એવી રચનાઓ કરી જેણે સમગ્ર દેશમાં ભક્તિ આંદોલનને જબરદસ્ત વેગ આપ્યો. તેમણે કહ્યું કે મહારાષ્ટ્ર એ છત્રપતિ શિવાજી મહારાજની ભૂમિ છે, જેમણે "સ્વરાજ, સ્વધર્મ અને સ્વભાષા" — પોતાનું શાસન, પોતાનો ધર્મ અને પોતાની ભાષાને સ્વરાજના મૂળભૂત તત્વો બનાવ્યા. વહીવટમાં મરાઠીને પ્રાધાન્ય આપીને તેમણે પોતાની ભાષામાં શબ્દાવલીનો સમૃદ્ધ ભંડાર ઊભો કર્યો. આ વ્યવસ્થા છત્રપતિ શિવાજી મહારાજ અને હિંદવી સ્વરાજના યુગ દરમિયાન શાસનનો આધાર બની રહી. શ્રી અમિત શાહે કહ્યું કે આજે હિન્દી વર્ડ પ્રોસેસિંગ, હિન્દી ટાઈપિંગ અને શોર્ટહેન્ડમાં તાલીમ કાર્યક્રમોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. શ્રી શાહે રાજભાષા કીર્તિ પુરસ્કારો અને રાજભાષા ગૌરવ પુરસ્કારો પણ એનાયત કર્યા હતા. તેમણે આ સન્માન મેળવનારા તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા. શ્રી શાહે જણાવ્યું હતું કે આજે “શવ અનાદિ હૈં, અનંત હૈં’, ’ભારતીય જ્ઞાન તંત્ર: સ્રોત ઔર સ્વરૂપ’, ’અંધેરોં સે ઉજાલોં તક’, રાજભાષા વિભાગના સામાયિક ’રાજભાષા ભારતી’ નો રાષ્ટ્રીય ગીત ‘વંદે માતરમ’ પર કેન્દ્રિત એક વિશેષ સ્મારક અંક, અને ’૧૫૦ ચેપ્ટર્સ ઓફ વંદે માતરમ’ જેવા પ્રકાશનો બહાર પાડવામાં આવ્યા હતા.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે “વંદે માતરમ” એ કોઈ સામાન્ય ગીત નથી. તીવ્ર ગુલામીના સમયગાળા દરમિયાન ભારતીય ચેતનાને જગાડવાનો બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયનો આ એક મહાન પ્રયાસ હતો. તેમની કવિતા દ્વારા, તેમણે ભારતની સુતેલી ચેતનાને ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો હતો. "આનંદમઠ" માં લખાયેલું તેમનું ગીત "વંદે માતરમ", ટૂંક સમયમાં જ સમગ્ર ભારતમાં સ્વતંત્રતાની ઘોષણા બની ગયું. "વંદે માતરમ" ના આહ્વાન દ્વારા, બંકિમચંદ્રે માત્ર સ્વતંત્રતા માટેની ઊંડી તડપ અને તીવ્ર ઈચ્છા જ નહી જગાડી પરંતુ ભારતના સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો પાયો પણ નાખ્યો. શ્રી શાહે કહ્યું કે દુર્ભાગ્યવશ, "વંદે માતરમ" ને પછીથી ભાગોમાં વહેંચી દેવામાં આવ્યું. આઝાદી પછી પણ, સંસદને તેના પૂર્ણ સ્વરૂપમાં સ્વીકારતા લગભગ ૮૦ વર્ષ લાગ્યા. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી એવા નેતા છે જેમણે સરકારી કાર્યક્રમોમાં "વંદેમાતરમ" ને ફરીથી તેના પૂર્ણસ્વરૂપમાં અને તેના પૂર્ણ વૈભવ સાથે ગાવાની પહેલ કરી. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે વંદે માતરમના ૧૫૦મા વર્ષ દરમિયાન છત્રપતિ શિવાજી મહારાજની ભૂમિ પર યોજાઈ રહેલો હિન્દી દિવસનો કાર્યક્રમ આવનારા દિવસોમાં રાજભાષા અને ભારતીય ભાષાઓની યાત્રાને આગળ લઈ જશે. મહારાષ્ટ્રની બહુભાષી સંસ્કૃતિને શ્રદ્ધાંજલિ આપતા શ્રી શાહે કહ્યું કે મરાઠીને અહીં આદર આપવામાં આવે છે અને આપવો જ જોઈએ. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી મરાઠીને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપનારા પ્રથમ વ્યક્તિ હતા. મહારાષ્ટ્રમાં કોંકણી, ગુજરાતી, સિંધી, હિન્દી, કન્નડ, વારલી અને અન્ય અનેક ભાષાઓનો પણ વિકાસ થયો છે અને આદર તથા માન્યતા મળી છે. તેમણે કહ્યું કે મહારાષ્ટ્ર એ સમગ્ર દેશમાં સૌથી વધુ બહુભાષી રાજ્ય છે. તેમણે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને ઉપમુખ્યમંત્રીઓને રાજ્ય વહીવટમાં એક સમાવેશી વ્યવસ્થા સ્થાપિત કરવા બદલ અભિનંદન પણ આપ્યા જે દરેકને સ્વીકારે છે. આચાર્ય વિનોબા ભાવેને ટાંકતા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ કહ્યું, “જો મેં હિન્દીનો સહારો ન લીધો હોત, તો હું કાશ્મીર, આસામ અને કેરળના દરેક ગામમાં લોકો સુધી ભૂદાન અને ગ્રામદાનનો ક્રાંતિકારી સંદેશ પહોંચાડી શક્યો ન હોત. જો મેં બીજી ભાષા પર આધાર રાખ્યો હોત, તો હું ગામડાઓમાં કામ જ ન કરી શક્યો હોત. એ રાજભાષા જ હતી જેણે મને દરેક ગામ સાથે સંવાદ કરતા શીખવ્યું.” ગૃહ મંત્રીએ કહ્યું કે રાજભાષાનો દેશની તમામ ભાષાઓ સાથે આ સંબંધ છે કારણ કે આ બધી ભાષાઓ સદીઓથી ભારતની રોજિંદી બોલચાલનો ભાગ રહી છે અને સેંકડો વર્ષોથી પરસ્પર વ્યવહારમાં રહી છે. તેમણે કહ્યું કે તેઓ પોતે ગુજરાતમાંથી આવે છે, જ્યાં ગુજરાતી બોલાય છે, હિન્દી નહીં. છતાં, જ્યારે તેમને રાષ્ટ્રીય સ્તરે કામ કરવાની જવાબદારી સોંપવામાં આવી, ત્યારે તેમને સમગ્ર દેશમાં કામ કરવામાં કોઈ મુશ્કેલી પડી નથી કારણ કે તેઓ હિન્દી સમજે છે અને બોલે છે. તેમણે કહ્યું કે રાજભાષાએ તેમને સમગ્ર દેશમાં કામ કરવાની જબરદસ્ત તક આપી. શ્રી અમિત શાહે કહ્યું કે મહારાષ્ટ્ર એ વીર સાવરકરની ભૂમિ છે. સાવરકર તેમના સમયના સૌથી વિદ્વાન ભાષાશાસ્ત્રીઓમાંના એક હતા. તેમણે એવા ઘણા શબ્દો ઘડ્યા જે અગાઉ ભારતીય ભાષાઓમાં અસ્તિત્વમાં ન હતા. આ તમામ શબ્દો મરાઠી, રાજભાષા અને અન્ય ભારતીય ભાષાઓમાં સરળતાથી સ્વીકારવામાં આવ્યા. તેમણે તિલકના લખાણોમાં વ્યક્ત થયેલા વિચારોને આત્મસાત કરીને મરાઠી ભાષાને શુદ્ધ કરવાનું પણ કામ કર્યું. શ્રી શાહે કહ્યું કે રાજભાષા વિભાગે ઓનલાઈન શબ્દકોશ “હિન્દી શબ્દ-સિંધુ” માં તેમણે સુધારેલા તમામ શબ્દોને સ્વીકારીને વીર સાવરકરનું સન્માન કર્યું છે. તેમણે કહ્યું કે બંધારણના ઘડવૈયાઓએ ૧૪ સપ્ટેમ્બર ૧૯૪૯ના રોજ વિચારપૂર્વક અને સમજી-વિચારીને હિન્દીને રાજભાષા તરીકે અપનાવવાનો નિર્ણય લીધો હતો. શ્રી શાહે કહ્યું કે શ્રી નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી બન્યા ત્યારથી રાજભાષા વિભાગે અનેક સીમાચિહ્નો હાસલ કર્યા છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા સૌથી મોટી પહેલ કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી મોદીએ પ્રાથમિક શિક્ષણમાં માતૃભાષામાં શિક્ષણ મેળવવું ફરજિયાત બનાવ્યું છે. પોતાની માતૃભાષા શીખ્યા વિના કોઈ પણ બાળક પૂર્ણ વ્યક્તિ બની શકતું નથી કારણ કે માતાનો સ્નેહ અને બહેન કે ભાઈનો પ્રેમ પોતાની માતૃભાષા વિના પૂરી રીતે સમજી શકાતો નથી. પોતાની જમીન, ભાષા, શ્રદ્ધા, પરંપરાઓ, સંસ્કૃતિ અને મૂલ્યો પ્રત્યેનો લગાવ માતૃભાષા દ્વારા જ શક્ય છે. તેથી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રાથમિક શિક્ષણમાં માતૃભાષા ફરજિયાત કરી છે. શ્રી અમિત શાહે કહ્યું કે બાળક પોતાની માતૃભાષા શીખ્યા પછી જ પ્રગતિ કરી શકે છે. વિચારવાની પ્રક્રિયા માતૃભાષામાં શરૂ થાય છે. જ્યારે કોઈ વ્યક્તિ પોતાની માતૃભાષામાં વિચારે છે, વિશ્લેષણ કરે છે અને નિર્ણયો લે છે, ત્યારે તેમ કરવાથી વધુ સારું વિચારવું, વધુ સારું વિશ્લેષણ અને વધુ સારા નિર્ણયો લેવાય છે.

શ્રી શાહે કહ્યું કે, આની સાથે જ પ્રધાનમંત્રી મોદીએ બીજી એક ભારતીય ભાષા શીખવાનું પણ ફરજિયાત બનાવ્યું છે. તેમણે કહ્યું કે જેઓ ભારતીય ભાષાઓ શીખવાનો વિરોધ કરે છે તેઓને ખ્યાલ નથી કે તેઓ કેવડી મોટી ભૂલ કરી રહ્યા છે. બાળકોએ ભારતીય ભાષાઓ શીખવી જોઈએ. બીજી ભારતીય ભાષા શીખવાનો અર્થ એ છે કે બાળક આપમેળે “એક ભારત, શ્રેષ્ઠ ભારત” ના લક્ષ્ય સાથે જોડાઈ જશે. પોતાની માતૃભાષા શીખવાની સાથે જો બાળકો બીજી ભારતીય ભાષા શીખશે, તો તેઓ આપમેળે તેમની ભારતીય ઓળખ સાથે જોડાઈ જશે અને સંકુચિત વિચારસરણીમાંથી મુક્ત થઈને ભારત પ્રત્યે સમર્પિત સાચા નાગરિક બનશે. તેમણે કહ્યું કે સરકાર ભારતની દરેક ભાષાને સમૃદ્ધ બનાવવા માંગે છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે ૨૦૧૯માં નક્કી કરવામાં આવ્યું હતું કે અખિલ ભારતીય રાજભાષા પરિષદ માત્ર દિલ્હી પૂરતી સીમિત નહીં રહે પરંતુ રોટેશનલ ધોરણે દેશના વિવિધ રાજ્યોમાં આયોજિત કરવામાં આવશે. ત્યારથી, આજની ઈવેન્ટ છઠ્ઠી પરિષદ અંકિત કરે છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી મોદીજીના નેતૃત્વ હેઠળ, ૨૦૧૯ થી રાષ્ટ્રપતિજીને રાજભાષા સમિતિના અહેવાલોના ચાર ભાગ સબમિટ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧૩ ભાગ પૂર્ણ થયા છે, જેમાંથી ચાર મોદીના કાર્યકાળ દરમિયાન થયા છે. તેમણે કહ્યું કે જ્યારે પણ પ્રધાનમંત્રી મોદી કોઈ મોટા વૈશ્વિક મંચ પર કે અન્ય દેશની યાત્રા પર ગયા છે અને ભાષણ આપ્યું છે, ત્યારે તેમણે રાજભાષા અને ભારતીય ભાષાઓમાં વાત કરી છે. મોટા વૈશ્વિક મંચો પર દેશના પ્રધાનમંત્રીને વિદેશી ભાષાને બદલે પોતાની ભાષામાં બોલતા સાંભળીને દરેક ભારતીય ગૌરવથી ભરાઈ જાય છે. પ્રધાનમંત્રી મોદીએ અનેક દેશોની યુનિવર્સિટીઓમાં રાજભાષાના અધ્યાપનની સુવિધા પણ પૂરી પાડી છે. ભારત સરકારના ૫ લાખથી વધુ કર્મચારીઓને તાલીમ આપવામાં આવી છે. એઆઈ (AI)-આધારિત “કંઠસ્થ ૨.૦” પ્લેટફોર્મ ૫ કરોડથી વધુ વાક્યો સાથે વિદેશીઓ માટે પણ ખુલ્લું મુકવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે લીલા રાજભાષા અને લીલા પ્રવાહ (LILA –લીલા: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા ભારતીય ભાષાઓ શીખો) ના ખૂબ જ સારા પરિણામો આવ્યા છે. ૫૧,૦૦૦ શબ્દોથી શરૂ થયેલો “હિન્દી શબ્દ-સિંધુ” શબ્દકોશ હવે વધીને ૮૦૦,૦૦૦ શબ્દો સુધી પહોંચી ગયો છે. તેમણે કહ્યું કે "હિન્દી શબ્દ-સિંધુ" માં સ્થાનિક ભાષાઓના ૫૦,૦૦૦ થી વધુ શબ્દોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેનાથી હિન્દી વધુ લોકપ્રિય અને અનુકૂળ બની છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ૨૦૨૯ સુધીમાં આ શબ્દકોશ વિશ્વનો સૌથી મોટો શબ્દકોશ બની જશે. તેમણે કહ્યું કે જ્યાં પણ હિન્દીમાં ક્ષતિઓ હતી અને કોઈ ચોક્કસ ખ્યાલ માટે કોઈ શબ્દ અસ્તિત્વમાં ન હતો, ત્યાં રાજભાષાને વધુ મજબૂત બનાવવા માટે સ્થાનિક ભાષાઓના ૫૦,૦૦૦ થી વધુ શબ્દો અપનાવવામાં આવ્યા હતા. જેમાં તમિલ, તેલુગુ, મરાઠી, ગુજરાતી, બંગાળી, ઓડિયા અને અન્ય ભાષાઓનો સમાવેશ થાય છે. દરેક ભાષામાંથી ૫૦,૦૦૦ થી વધુ શબ્દો "હિન્દી શબ્દ-સિંધુ" માં સમાવવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે રાજભાષા વિભાગે “ભારતી – બહુભાષી અનુવાદ સારથિ” વિકસાવ્યું છે અને “ભારતીય ભાષા વિભાગ” પણ શરૂ કર્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે સરકાર ભારતીય ભાષાઓને શાસન અને વિજ્ઞાનની ભાષાઓ બનાવવા, સાહિત્યને સમૃદ્ધ કરવા અને એક વિશાળ સામુહિક ભાષાકીય સંસાધન ઊભું કરવા માટે ભારતીય ભાષાઓને એકબીજા સાથે જોડવા માંગે છે. પછી તે JEE હોય, NEET હોય કે અંડરગ્રેજ્યુએટ પ્રવેશ પરીક્ષા હોય, આ પરીક્ષાઓ હવે ૧૩ ભાષાઓમાં યોજવામાં આવે છે. શ્રી અમિત શાહે કહ્યું કે તેઓ ભાષાઓ વચ્ચે વિવાદ ઊભો કરવાનો પ્રયાસ કરનારાઓને કહેવા માંગશે કે બાળક માત્ર તેની માતૃભાષા દ્વારા જ ભારતને સાચા અર્થમાં સમજી શકે છે. જો બાળક વિદેશી ભાષા દ્વારા ભારતને સમજવાનો પ્રયાસ કરશે તો તેને ગેરસમજ થવાની શક્યતા છે. તેથી, તેમણે સૌને રાજકીય મતભેદો બાજુ પર રાખીને ભારતીય ભાષાઓને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી. તેમણે કહ્યું કે લાલ કિલ્લાની પરોઢ પરથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા દેશના લોકોને આપવામાં આવેલા ‘પંચ પ્રાણ’’ માં ભારતને ગુલામીની માનસિકતામાંથી મુક્ત કરવાનો સંકલ્પ સામેલ છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે, જ્યારે ભાષાઓની વાત આવે છે, ત્યારે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરથી મોટું કોઈ વ્યક્તિત્વ હોઈ ન શકે. તેમણે કહ્યું હતું કે, “ભારતીય સંસ્કૃતિ અને ભારતીય સાહિત્ય એ સો પાંખડીઓવાળા સંપૂર્ણ રીતે વિકસિત કમળ જેવા છે, જેની દરેક પાંખડી આપણી પ્રાદેશિક ભાષાઓનું પ્રતિનિધિત્વ કરે છે. એક પણ પાંખડીનો વિનાશ કમળની સુંદરતાને નષ્ટ કરશે. પ્રાદેશિક ભાષાઓને પોતપોતાના પ્રાંતોમાં રાણીઓ તરીકે રહેવા દો, જ્યારે હિન્દી, આ બધી ભાષાઓ વચ્ચેના કેન્દ્રીય રત્ન તરીકે, આ સો પાંખડીઓવાળા કમળની સુંદરતા વધારતી રહે.’’ શ્રી અમિત શાહે કહ્યું કે કવિ રવીન્દ્રનાથ ટાગોરે ખૂબ વિચારપૂર્વક આ અવલોકન કર્યું હતું. તેમણે કહ્યું કે ભારતની ભાષાઓ ચોક્કસપણે અલગ-અલગ સુરો હોઈ શકે છે, પરંતુ ગીત એક છે, દેશભક્તિનું ગીત એક છે અને આપણી સંસ્કૃતિનું ગીત એક છે. અનેક ભાષાઓ હોવા સામે કોઈ વાંધો નથી. ભાવના ભારતીય રહેવી જોઈએ. અનેક બોલીઓ હોઈ શકે છે, પરંતુ ભારતનો અવાજ એક જ રહેવો જોઈએ.

## તંત્રી સ્થાનેથી......

આપણો દેશ ભાષાકીય વિવિધતા અને સાંસ્કૃતિક સમૃદ્ધિનો અનોખો દેશ છે. દરેક વ્યક્તિ કહે છે કે આપણી વિવિધ ભાષાઓ એક ખામી છે, પરંતુ મારું માનવું છે કે આપણી સૌથી મોટી તાકાત આટલી બધી ભાષાઓ હોવામાં રહેલી છે. દરેક ભાષા પોતાની સાથે એક ઈતિહાસ, લોકપરંપરા અને જીવનનું એક દ્રષ્ટિકોણ વહન કરે છે, જે આપણી નવી પેઢીના મૂલ્યોને પણ પ્રોત્સાહન આપે છે. આ ભાષાકીય વિવિધતા ભારતની "વિવિધતામાં એકતા"ની ભાવનાને મજબૂત બનાવે છે. ભાષા ફક્ત સંદેશાવ્યવહારનું માધ્યમ નથી. તે સમાજની સ્મૃતિ છે, તેની આત્મ જાગૃતિ છે. આ વિવિધતા વચ્ચે હિન્દીએ દેશના વિવિધ વર્ગો અને સમુદાયોને સંદેશાવ્યવહાર, જોડાણ અને સંકલનની ભાષા તરીકે જોડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. હિન્દીનો વિકાસ ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે તે બધી ભારતીય ભાષાઓના આદર, સંરક્ષણ અને સંવર્ધન સાથે આગળ વધે. હિન્દી કોઈપણ ભાષાનો હરીફ નથી, પરંતુ ભારતીય ભાષાઓ વચ્ચેના ઘનિષ્ઠ સંવાદ અને રાષ્ટ્રીય એકતામાં એક મહત્વપૂર્ણ કડી છે. આપણો પોતાનો ઈતિહાસ આ સત્યનો સૌથી સુંદર પુરાવો છે. સ્વામી દયાનંદ સરસ્વતીની માતૃભાષા ગુજરાતી હતી, છતાં તેમણે હિન્દીમાં "સત્યાર્થ પ્રકાશ" લખ્યું. મહાત્મા ગાંધીએ ૧૯૧૮માં મદ્રાસમાં દક્ષિણ ભારત હિન્દી પ્રચાર સભાની સ્થાપના કરી હતી. નેતાજી સુભાષચંદ્ર બોઝ બંગાળી હતા, પરંતુ તેમણે હિન્દીને આઝાદ હિંદ ફોજની સંપર્ક ભાષા બનાવી અને રાષ્ટ્રને "જય હિંદ"નું સૂત્ર આપ્યું. આમ, હિન્દીને જાહેર સંદેશાવ્યવહારની ભાષા બનાવવામાં દરેક વ્યક્તિએ ખૂબ જ યોગદાન આપ્યું છે. તે મહાપુરુષોનું અપાર યોગદાન, જેમની પાસે ક્યારેય હિન્દી પોતાની માતૃભાષા નહોતી, તે આપણા બધા માટે પ્રેરણાસ્રોત છે. મારી પોતાની માતૃભાષા ગુજરાતી છે, પરંતુ જ્યારે પણ હું દેશના કોઈપણ ખૂણામાં જાઉં છું, ત્યારે મને ત્યાંના સામાન્ય લોકો સાથે સૌથી વધુ સીધી રીતે જોડતી ભાષા હિન્દી છે. જો તમે હિન્દીની યાત્રા જુઓ, તો તે સમગ્ર દેશની યાત્રાને પ્રતિબિંબિત કરે છે. પ્રાચીન સમયમાં, વિદ્યાપતિના શ્લોકો, પૃથ્વીરાજ રાસોની શૌર્યકથાઓ અને પછી ભક્તિકાળનો અદ્ભુત યુગ - જ્યારે તુલસીદાસે રામની કથા દરેક ઘરમાં પહોંચાડી અને સુરદાસે પ્રેમને અવાજ આપ્યો. સ્વતંત્રતા ચળવળ દરમિયાન, સ્વરાજ, સ્વદેશી અને સ્વભાષાના વિચારોએ રાષ્ટ્રીય ચેતનાને ઉર્જા આપી. આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ પણ સમજ્યું કે સ્વરાજની વિભાવના માતૃભાષા અને આત્મસન્માન વિના અધૂરી છે. સ્વતંત્રતા પછી, ભારતીય ભાષાઓ રાષ્ટ્રનિર્માણ, વહીવટ અને જનતા સુધી વિકાસના પ્રસારનું માધ્યમ બની.

# ડાંગ જિલ્લાના વિકાસમાં ભાગીદાર બનવા બેંક ઓફ બરોડા કટિબદ્ધ

**એસ્પિરેશનલ બ્લોક સુબીર ખાતે બેંક ઓફ બરોડાની નવીન શાખાનું ઉદ્ઘાટન કરાયું**



કમલમ્,આહવા

ડાંગ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં બેંકિંગ સેવાઓને વધુ સુલભ અને સશક્ત બનાવવા માટે બેંક ઓફ બરોડા દ્વારા સુબીર ખાતે નવીન શાખાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. બેંક ઓફ બરોડાની સુબીર શાખાનું ઉદ્ઘાટન તા. ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રાજેશભાઈ ગામીત અને શ્રી કૃષ્ણ કુમાર સિંહ, જનરલ મેનેજર તથા શ્રી બી. એલ. ગેહલોત દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બેંકના અધિકારીઓ, કર્મચારીઓ, સ્થાનિક આગેવાનો, ગ્રાહકો તથા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ડાંગ જિલ્લાના વિકાસની સફરમાં નાણાકીય સમાવેશને મહત્વપૂર્ણ સ્થાન આપતાં બેંક ઓફ બરોડા દ્વારા સુબીર તથા આસપાસના વિસ્તારોના રહેવાસીઓને બચત ખાતા, લોન, MSME ધિરાણ, કૃષિ ધિરાણ, ડિજિટલ બેંકિંગ તથા અન્ય આધુનિક બેંકિંગ સેવાઓ વધુ નજીકથી ઉપલબ્ધ કરાવવામાં આવશે. બેંક ઓફ બરોડા ડાંગ જિલ્લાના આર્થિક અને સામાજિક વિકાસમાં સક્રિય ભાગીદાર બનવા પ્રતિબદ્ધ છે. ખાસ કરીને સ્થાનિક વેપારીઓ, નાના ઉદ્યોગકારો, ખેડૂતો, સ્વરોજગાર સાથે સંકળાયેલા લોકો તથા યુવાનોને નાણાકીય સેવાઓ અને ધિરાણની સુવિધા પૂરી પાડીને સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવાનો બેંકનો સતત પ્રયાસ રહેશે. "ડાંગના વિકાસની સફરમાં બેંક ઓફ બરોડા વિશ્વાસુ સાથી બનીને સુબીર તથા આસપાસના વિસ્તારના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે." નવી શાખાના પ્રારંભ સાથે સુબીર અને આસપાસના વિસ્તારોના નાગરિકોને વધુ સારી, ઝડપી અને વિશ્વસનીય બેંકિંગ સેવા પ્રાપ્ત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. આ પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રમુખ રાજેશભાઈ ગામીત, ભાજપા મહામંત્રી બુધુભાઈ કામડી, ભાજપા આગેવાન મયુરભાઈ પટેલ, સુરત ઝોન બી.ઓ.બી જનરલ મેનેજર અને ઝોનલ હેડ કૃષ્ણકુમાર સિંઘ, ડેપ્યુટી જનરલ મેનેજર અને રિજનલ હેડ વલસાડ રિજયન બી.એલ. ગહલોત, સુબિર બીઓબી બ્રાન્ચ મેનેજર દેવાંગભાઈ પટેલ, મિતલભાઈ પટેલ પ્રિમાઈસિસ એન્ડ ઈક્વ્યુપમેન્ટ મેનેજર રિજનલ ઓફીસ વલસાડ સહિત આગેવાનો, ગ્રામજનો સહીત બીઓબીનાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# વલસાડ ખાતે અખિલ હિન્દ અંધજન ધ્વજ દિનની ઉજવણી કરવામાં આવી

**દિવ્યાંગજનોના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ માટે સમાજનો સહયોગ જરૂરી - જિલ્લા કલેક્ટર નિતીન સાંગવાન**



કમલમ્,વલસાડ

દર વર્ષે તા. ૧૪ સપ્ટેમ્બરના રોજ અખિલ હિન્દ અંધજન ધ્વજ દિનની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ દૃષ્ટિહીન દિવ્યાંગજનો પ્રત્યે સમાજમાં સંવેદનશીલતા અને જાગૃતિ કેળવવા તેમજ તેમના શિક્ષણ, રોજગાર, સ્વાવલંબન અને સર્વાંગી વિકાસ માટે સહયોગની ભાવના મજબૂત કરવાનો સંદેશ આપે છે. આ અંગેનો કાર્યક્રમ અંધજન મંડળ નનકવાડા વલસાડ ખાતે જિલ્લા કલેકટર નિતીન સાંગવાનના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ અવસરે જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત પણ ઉપસ્થિત રહયા હતા. કલેકટર નિતીન સાંગવાને જણાવ્યું હતુ કે દૃષ્ટિહીન દિવ્યાંગજનો પણ સમાજનો અભિન્ન હિસ્સો છે. યોગ્ય માર્ગદર્શન, શિક્ષણ, તાલીમ અને અનુકૂળ તકો મળે તો તેઓ પોતાની ક્ષમતા અને પ્રતિભાના આધારે વિવિધ ક્ષેત્રોમાં સફળતાપૂર્વક આગળ વધી શકે છે. અખિલ હિન્દ અંધજન ધ્વજ દિન નિમિત્તે સમાજના દરેક વર્ગને દૃષ્ટિહીન દિવ્યાંગજનોના સશક્તિકરણ માટે સહભાગી બનવા જણાવ્યું હતુ. તેમણે દિવ્યાંજનોના શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને રોજગારીની સમાન તકો, સમાન અધિકાર, સન્માન અને આત્મનિર્ભરતાની તક મળે તે જોવા જણાવ્યું હતુ. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતે દિવ્યાંગ બાળકોમાં રહેલી સુશુપ્ત શકિતને બહાર લાવી સમાજ સાથે જોડવા જણાવી સરકાર તરફથી મળતા લાભોથી લાભાન્વિત કરવા જણાવ્યું હતું. સંસ્થાના ડાયરેક્ટર અમીબેન પટેલે સંસ્થાની કામગીરી અને કાર્યોની રૂપરેખા આપી સૌને વાકેફ કર્યા હતા. આ અવસરે રમતગમત ક્ષેત્રે વિશેષ સિધ્ધી મેળવનાર દિવ્યાંગ વિદ્યાર્થીઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નનકવાડા ગામના સરપંચ ભીડ ભંજન મંદિરના શિવજી મહારાજ, દાતાઓ સહિત સંસ્થાના કર્મચારીઓ અને બાળકો ઉપસ્થિત રહયા હતા.

# નાગરિકોની ઉપસ્થિતિમાં બાઈક યાત્રાનું સ્વાગત, વૃક્ષારોપણ અને કળશ જળ અર્પણ સહિતના કાર્યક્રમો યોજાયા

**કેબિનેટમંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, રાજ્યમંત્રી જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી મનસુખ વસાવા, ધારાસભ્ય શ્રી રીતેશ વસાવા, ગણપતભાઈ વસાવા, સહિતના મહાનુભાવોની યાત્રામાં પ્રેરક ઉપસ્થિતિ રહી**









**નવસારી ઉનાઈ માતાજી મંદિરથી પ્રસ્થાન કરાયેલી બાઈક યાત્રા ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના ચાસવડ ખાતે સ્વાગત કરાયું**

કમલમ્,ભરૂચ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના સેવા કાર્યકાળ નિમિત્તે 'સેવા સંકલ્પ અભિયાન'ના ભાગરૂપે કૃષિમંત્રીશ્રી અને આદિજાતિ વિકાસ મંત્રીશ્રી દ્વારા નવસારી જિલ્લાના ઉનાઈ માતાજી મંદિર ખાતેથી પ્રસ્થાન કરાવાયેલી બાઈક યાત્રા આજરોજ ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના ચાસવડ ખાતે પહોંચતાં તેનું ભવ્ય અને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ ડિમ્પલબેન રાજ, ધારાસભ્યશ્રી રીતેશ વસાવા, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, જિલ્લા અગ્રણીશ્રી સહિતના આગેવાનોએ કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, રાજ્ય મંત્રીશ્રી જયરામ ગામીત અને ધારાસભ્ય શ્રી ગણપતભાઈ વસાવાનું કંકુતિલક કરી સ્વાગત કર્યું હતુ. ત્યારબાદ આદિવાસી મોરચાના પ્રદેશ અધ્યક્ષ તથા પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી ગણપતભાઈ વસાવાએ નાગરિકોને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે, આપણા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સતત પ્રગતિ કરી રહ્યું છે. દેશમાં ૮૦ કરોડ લોકોને અનાજ, કરોડો લોકોને પોતાના ઘરો અને ૧૦ લાખ રૂપિયા સુધીનું ફ્રી ઈલાજ કવચ મળી રહ્યું છે. એક સમયે જે ભારતને 'ગરીબ દેશ' કહેવામાં આવતો હતો, આજે ૭.૭% ના જીડીપી ગ્રોથ સાથે રશિયા, જાપાન અને ચીન જેવા દેશોને પાછળ છોડીને વિશ્વની ચોથા નંબરની આર્થિક શક્તિ બનવા જઈ રહ્યો છે. પહેલાં આપણી સુરક્ષા માટે ૭૦% શસ્ત્રો વિદેશથી મંગાવવા પડતા, પણ આજે 'આત્મનિર્ભર ભારત' હેઠળ આપણે ૧૧૦થી વધુ દેશોમાં હથિયારોની નિકાસ કરી રહ્યા છીએ. ૫૫૦ વર્ષ જૂનું સ્વપ્ન અયોધ્યામાં ભવ્ય રામ મંદિર બનીને પૂરું થયું, અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવીને ગરીબ તથા એસ.સી./એસ.ટી. સમાજને સરપંચથી લઈને વિધાનસભા સુધી અનામતનો અધિકાર અપાવ્યો છે. 'આયુષ્માન ભારત' યોજના થકી સરકારે દેશ અને રાજ્યના લાખો ગરીબ તેમજ જરૂરિયાતમંદ પરિવારજનોની સ્વાસ્થ્ય સેવાઓ ઘર આંગણે પહોંચાડી છે. આજે આયુષ્માન કાર્ડના કવચને કારણે ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ નિશ્ચિંત બનીને ઉત્તમ અને મફત સારવાર મેળવી રહ્યો છે. વધુમાં, શિક્ષણ, આરોગ્ય અને પોષણક્ષમ યોજનાઓએ ગ્રામીણ અને આદિવાસી વિસ્તારના નાગરિકોના જીવનમાં વ્યાપક અને સકારાત્મક બદલાવ લાવવાનું કામ કર્યું છે. આપણે સૌ સાથે મળીને કુપોષણમુક્ત અને સશક્ત સમાજના નિર્માણ માટે સંકલ્પબદ્ધ થઈએ અને સેવાની આ જ્યોતને વધુ પ્રજ્વલિત રાખીએ એમ તેમણે જણાવ્યું હતું. આવો, આપણે સૌ સાથે મળીને સેવાકીય સંકલ્પો સાથે દેશના વિકાસમાં ભાગીદાર બનીએ! આ તકે, કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, સાંસ્કૃતિક વિભાગના રાજ્યમંત્રી જયરામભાઈ ગામીત, ધારાસભ્યશ્રી ગણપતભાઈ વસાવા, સાંસદ શ્રી મનસુખ વસાવા, ધારાસભ્ય શ્રી રીતેશ વસાવા સહિત ઉપસ્થિત મહાનુભાવોએ કલશમાં જળ અર્પણ કરી વૃક્ષારોપણની ઝુંબેશને આગળ ધપાવી હતી. ત્યારબાદ યાત્રા નેત્રંગ ખાતે પહોંચતાં મોટી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકો અને સંગઠનના કાર્યકરો દ્વારા બાઈક યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ત્યાં મહાનુભાવોએ ભગવાન બિરસા મુંડાને પુષ્પાંજલિ અર્પણ કરી સેવા સંકલ્પ કળશમાં પવિત્ર નીર અર્પણ કર્યું હતું. નોંધનીય છે કે, નવસારીથી પ્રારંભાયેલી આ બાઈક યાત્રા ભરુચ જિલ્લામાં જે-જે સ્થળેથી પસાર થઈ ત્યાં ફ્રી મેડિકલ કેમ્પ, 'એક પેડ મા કે નામ' વૃક્ષારોપણ, વિકાસરથ દ્વારા સરકારશ્રીની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની માહિતી તથા વિશિષ્ટ ફિલ્મ નિદર્શન દ્વારા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા કાર્યો અને જનકલ્યાણલક્ષી કામગીરીને જનજન સુધી પહોંચાડવામાં આવી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રસેવાના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર રાજ્યમાં તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓક્ટોબર દરમિયાન 'સેવા સંકલ્પ અભિયાન' યોજાઈ રહ્યું છે. ઉપરાંત, ઉનાઈ માતાજી મંદિરથી પ્રારંભ થયેલી આ બાઈક યાત્રા તાપી, સુરત, નર્મદા, વડોદરા અને અમદાવાદ સહિતના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ આગામી તા. ૧૬મીના રોજ વડનગર ખાતે સમાપન પામશે. ભરૂચ જિલ્લામાં યાત્રાનો અંતિમ તબક્કે મોવી ગામ ખાતે રહ્યો હતો. અહીં પણ ઉપસ્થિત મહાનુભાવોએ કલશમાં જળ અર્પણ કરી વૃક્ષારોપણ કર્યું હતું. ત્યારબાદ બાઈક યાત્રા નિર્ધારિત કાર્યક્રમ મુજબ નર્મદા તરફ આગળ વધી હતી. આ તકે, ભરૂચ જિલ્લા પ્રમુખ ડિમ્પલબેન રાજ, ભરુચ જિલ્લા અગ્રણી પ્રકાશ મોદી, જિલ્લા સંગઠનના હોદ્દેદારો અને ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ નાગરિકો, અગ્રણીઓ, મોટી સંખ્યામાં કાર્યકરો ઉત્સાહભેર જોડાયા હતા.

# વડનગરથી વારાણસી જનાર કળશ યાત્રાનો માંડવીમાં ભવ્ય સ્વાગત, મંત્રી જીતુ વાઘાણી સહિતના નેતાઓ જોડાયા



કમલમ્,કડોદરા

માંડવી ખાતે ઉનાઈથી સેવા સંકલ્પ કળશનું આગમન થતાં તેનું ભવ્ય સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે કેબિનેટમંત્રી જીતુભાઈ વાઘાણી, ધારાસભ્ય ગણપતભાઈ વસાવા અને ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિએ ભગવાન બિરસા મુંડાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ માંડવી ઓડિટોરિયમ હોલ ખાતે સેવા સંકલ્પ અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ દેશની રક્ષા કરતા વીર જવાનો અને તેમના પરિવારોને શાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે તાપી જિલ્લાના ઉકાઈ તાલુકાના ઉખલદા ગામના વીર સપૂત ઋતિક કુમાર અશોકભાઈ ચૌધરીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી, જેમણે દેશ માટે પોતાના પ્રાણ આપ્યા હતા.

આ પ્રસંગે ૧૫૭ માંડવીના ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિએ પોતાના માસિક પગારમાંથી રૂપિયા ૧,૦૦,૦૦૦ શહીદોના માતા-પિતાને રોકડ રકમ અર્પણ કરી હતી. આ ઉપરાંત, મંત્રી જીતુભાઈ વાઘાણી, ગણપતભાઈ વસાવા અને કુંવરજીભાઈ હળપતિ દ્વારા કુપોષિત બાળકોને કીટ આપવામાં આવી હતી. કુપોષણ મુક્ત કરવા અંગે શપથ પણ લેવામાં આવ્યા હતા. આજે સવારે કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ, મંત્રી જયરામભાઈ ગામીત, ધારાસભ્ય ગણપતભાઈ વસાવા, ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ અને ભરતભાઈ રાઠોડ સહિત માંડવી નગરના મહાનુભવોએ ભગવાન બિરસા મુંડાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમણે સેવા સંકલ્પ કળશમાં તાપી મૈયાનું નીર અર્પણ કર્યું હતું. ત્યારબાદ બાઈક રેલી બલેઠી જવા માટે રવાના થઈ હતી. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ સમીરભાઈ મોદી, જીલ્લિા પ્રમુખ ભરતભાઈ રાઠોડ, જિલ્લા મહામંત્રી , જગદીશભાઈ પારેખ, રોહિતભાઈ પટેલ, અંકુરભાઈ દેસાઈ, પ્રદેશના યુવા મોરચાના હોદ્દેદારો, માંડવી નગર ભાજપ પ્રમુખ પ્રિતેશભાઈ રાવળ, આતિશભાઈ ચૌધરી, અનિલભાઈ ચૌધરી, શાલીનભાઈ શાહ, કેયુર હજારીવાલા તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો બાઈક રેલીમાં જોડાયા હતા.

# કામરેજ વિધાનસભા કર્મયોગ કાર્યાલય ખાતે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની ઉપસ્થિતિમાં ગણેશજીની સ્થાપના

**ગણેશજીના ચરણોમાં શીશ ઝૂકાવી રાજ્યના નાગરિકોની આરોગ્ય અને સુખાકારીની કામના કરતા આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા**



**ગણેશોત્સવના પાવન અવસરે વધુમાં વધુ અંગદાન થાય અને અનેક જરૂરિયાતમંદોને નવું જીવન મળે તેવા પ્રયાસો કરીએઃ આરોગ્ય મંત્રી**

કમલમ્,સુરત

કામરેજ વિધાનસભા કર્મયોગ કાર્યાલય ખાતે આરોગ્ય રાજ્યમંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાની તેમજ મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિમાં ગણેશજીની પૂજા-અર્ચના અને આરતી સાથે ભક્તિભાવપૂર્વક ગણપતિદાદાની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી હતી. આ વેળાએ રાત્રે સઘન પરિશ્રમ કરી સુરતને સ્વચ્છ રાખતા સફાઈ કર્મચારી પરિવારોનું સન્માન કરવામાં આવ્યું હતુ અને ગણેશજીની પ્રથમ આરતી તેમના જ વરદ હસ્તે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે સુરતને આભલા જેવું ચોખ્ખું રાખવા માટે સફાઈ કર્મચારીઓ આખી રાત જાગીને શ્રમ કરે છે, તેમનું આ યોગદાન સુરત અને રાજ્યને સ્વચ્છ રાખવામાં તેમનું સૌથી મોટું યોગદાન છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને ભારતીય જનતા પાર્ટીના સંસ્કારો દરેક વ્યક્તિ અને જ્ઞાતિના સન્માનની શીખ આપે છે, એ જ સાચું હિન્દુત્વ છે. સૌ સાથે મળીને ઈશ્વરની આરાધના કરે અને પૃથ્વી પર કોઈ નાનું-મોટું ન હોવાનો સમરસતાનો સંદેશો તેમણે આપ્યો હતો.

મંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૨૫ વર્ષના સુશાસન અને સમર્પિત જનસેવાયાત્રાની ઉજવણીના ભાગરૂપે "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત જનસેવાને અમનજનતા સુધી પહોંચાડવાના સરકારના પ્રયાસોની રૂપરેખા આપી હતી. વધુમાં તેમણે જણાવ્યું કે સમાજના સૌ લોકોનું કલ્યાણ થાય, પ્રજા તંદુરસ્ત રહે અને લોકો સુખી-સંપન્ન અને સ્વસ્થ બને તેવી કામના કરી હતી. ઉપરાંત જનકલ્યાણ અને આરોગ્ય સંબંધી સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ જન-જન સુધી પહોંચે અને તેનો લાભ તમામ જરૂરિયાતમંદ લોકો મેળવે તેવી દાદાના ચરણે પ્રાર્થના કરાઈ હતી. આ સાથે જ ગણેશોત્સવના પાવન અવસરે વધુમાં વધુ અંગદાન (ઓર્ગન ડોનેશન) થાય અને અનેક જરૂરિયાતમંદોને નવું જીવન મળે તેવા પ્રયાસો કરવા અને જનજાગૃતિનો સંદેશ આપવા મંત્રીશ્રીએ સૌને આહ્વાન કર્યું હતું. આ અવસરે કામરેજ વિધાનસભા ક્ષેત્રના અગ્રણીઓ, કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત અને સુડા હદ વિસ્તારમાં હાઈવેથી સુરત શહેરને જોડતા ટી.પી. રસ્તાઓના તત્કાલ આયોજન માટે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક

**જનહિતના કાર્યોને પ્રાથમિકતા આપી કનેક્ટિવિટી સુધારવા અને ટી.પી. રસ્તાઓ ખુલ્લા કરવા અધિકારીઓને સૂચના**



કમલમ્,સુરત,

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના સુશાસન અને સમર્પિત જનસેવાની યાત્રાના અવસરે ઉજવાઈ રહેલા "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત જનસુવિધાઓને વધુ સશક્ત અને સુલભ બનાવવા હાઈવેથી સુરત શહેરને જોડતા ટી.પી. (ટાઉન પ્લાનિંગ) રસ્તાઓના તત્કાલ આયોજન અંગે માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં સંકલન અને સમીક્ષા બેઠક યોજાઈ હતી. સુરત શહેર તથા સુડા હદ વિસ્તારમાં સમાવિષ્ટ કામરેજ, પાસોદરા, લસકાણા, કઠોદરા, ખડસદ, ભાદા, વાલક, વેલંજા, કઠોર, અબ્રામા, સણિયા-હેમાદ, સારોલી અને પુણા સહિતના વિસ્તારોમાં છેલ્લા કેટલાક વર્ષોમાં રહેણાંક અને ઔદ્યોગિક વિકાસ ઝડપી ગતિએ થયો છે. વધતી વસતી અને વિકાસને અનુરૂપ જરૂરી શહેરી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે અસરકારક રોડ કનેક્ટિવિટી અત્યંત જરૂરી બની છે. આ વિસ્તારોમાં અનેક સ્થળોએ ટાઉન પ્લાનિંગ યોજનાઓના અભાવે સ્ટ્રીટલાઈટ, પાણીની લાઈન, ડ્રેનેજ લાઈન, ગેસલાઈન તેમજ માર્ગ સુવિધાઓ ઉભી કરવામાં મુશ્કેલીઓ સર્જાઈ રહી છે. સાથે જ વાહનવ્યવહાર અને હાઈવેથી શહેર સુધીની કનેક્ટિવિટીમાં પણ વિવિધ અવરોધો ઉભા થયા છે. આ સમસ્યાઓના કાયમી નિવારણ માટે અને સમગ્ર વિસ્તારમાં સુવ્યવસ્થિત વિકાસ સુનિશ્ચિત કરવા તાત્કાલિક ટી.પી. આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ સંદર્ભે યોજાયેલી બેઠકમાં આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ વિવિધ વિસ્તારોમાં કનેક્ટિવિટી સંબંધિત પ્રશ્નોની વિગતવાર સમીક્ષા કરી હતી. તેમણે સંબંધિત અધિકારીઓને હાઈવેથી સુરત શહેરને જોડતા ટી.પી. રસ્તાઓ ઝડપથી ખુલ્લા કરવા, જરૂરી પ્રક્રિયાઓમાં ગતિ લાવવા તેમજ વિકાસલક્ષી કામોમાં સંકલનપૂર્વક કામગીરી કરવા માર્ગદર્શન આપ્યું હતું. મંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યુ હતુ કે જનહિતના કાર્યો અને નાગરિકોની સમસ્યાઓના નિવારણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે તેમજ વિકસતા વિસ્તારોમાં લોકોને વધુ સારી અને સુલભ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે અસરકારક આયોજન સાથે કામગીરી કરવામાં આવે.

